# અમેરિકામાં થઇ સંગીત આરાધના ભાગ-૧



**સા..રે..ગ..મ..**
**(અંક ૧૦૫)**

પ્રિય વાચક મિત્રો, અમેરિકાની સફર દરમ્યાન આપ સૌનો બહોળો પ્રતિભાવ મળ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. ભારતીય સંગીતનો પ્રચાર અને પ્રસાર કરી તેના ફાયદા ફક્ત ભારતીયો એજ નહીં પણ અમેરિકન, એશિયન અને મેકિસકન લોકોએ પણ મેળવ્યા છે જેનો મને વધુ આનંદ અને સંતોષ છે.

મારી યાત્રામાં મદદ રૂપ થનાર ન્યુયોર્કમાં મારા બેન-બનેવી, સોન્યા અને કુદલીપભાઇ, હિતેનભાઇના બેન-બનેવી નયનાબેન હરીશભાઇ, ડેટ્રોઇમાં મારા શિષ્ય મીનુબેન સુનિલભાઇ અને એટલાન્ટામાં મુસ્તફાભાઇ તથા તરલાબેનનો ખૂબ આભાર માનું છું અને **Akila** ને કેમ ભૂલી શકું ? મારા કાર્યને વધુ સરળ અને મજબુત બનાવવા માટે હું **Akila**ની ખૂબ આભારી છું.

મિત્રો મારી સફરની રૂપરેખા આપવાનું આપ સૌએ જણાવવા મને કહ્યું તે બરાબર છે પણ હું અમેરિકા આવું ત્યારે તેનો પ્રત્યક્ષ લાભ લેવા તમે જરૂર આવો તેવું નમ્ર નિવેદન છે. ન્યુયોર્ક, ડેટ્રોઇ અને એટલાન્ટામાં અઠવાડિયાની **workshop** તથા કાર્યક્રમો થયા જેમાં ઘણા લોકોએ સંગીતીક જ્ઞાન મેળવ્યું.

મિત્રો આ વખતની અમેરિકાની સફરમાં **'Bhairav to Bhairavi'** ની **Concert** શ્રોતા ગણે મન મુકીને માણી.

હુ ભૈરવ રાગથી સભાની **(Concert)** ની શરૂઆત કરતી હતી. સદારંગ અદારંગ ઉસ્તાદ હૈયાજુ ખાઁ સાહેબ, મનરંગ, ભાવરંગ(પં.બળવંતરાય ભટ્ટ) તાનસેનની ઘરાનેદાર બંદિશોએ સભામાં રંગ જમાવી દીધો હતો. દરેક રાગની બંદિશો બાદ તેજ રાગનું સુપ્રસિધ્ધ એક ગીત મેં ગાયું હતું. જેથી આમ જનતાને પણ ખબર પડે કે ભાઇ, દરેક બંદિશ પાછળ શાસ્ત્રીય સંગીત જ રહેલું જેનો સાંગીતીક પાયો મજબુત હશે તે સંગીતની આખી દુનિયા જીતી શકાશે.

વૈજ્ઞાનિક આધાર પર રચાયેલા ભારતીય સંગીતના ફાયદા તો આગલા **episodes** માં તમે સૌએ જાણ્યા છે. અને ઘણાએ તેનો અનુભવ પણ કર્યો છે.

**relaxahon** ધ્યાન, ચિત્ત એકાગ્રતા અને સ્વાસન ક્રિયા માટે ખૂબ ઉપયોગી એવા ભૈરવ તથા તેમાં પ્રકારોમાંથી મે અહીર ભૈરવ પસંદ કર્યો હતો. જેને અસ્થામાં કે શ્વાસનળીમાં તકલીફ હોય તેની માટે આ રાગ ખૂબ ઉપયોગી છે. તેનો બડા ખ્યાલ અને છોટા ખ્યાલ **'ANMOL'** અણમોલ **CD** માં મેં ગાયેલ છે.

આ સૌ જલ્દી ગ્રહણ કરી શકો તે માટે બન્ને બંદિશ લખું છું.

**રાગ : અહીર ભૈરવ**

**છોટા ખ્યાલ**

**રબસે તુ નેહા લગાયે, અબ પ્યારે મોરે મનવારે ।**
**જો તુ ચાહે સબહી પાવે, કાહે ફિરત ઇત ઉતમન ભવરા રે તુ ॥**





ત્યાર બાદ 'હમ દિલ દે ચૂકે સનમ'માં ગવાયેલ 'મનરંગ'ની બંદિશ 'અલબેલો સજન આયોરી' ગાઇ. જેમાં થોડા કલાસીકલના રાગ અહીર ભૈરવની અનોખા ટુકડીઓ સાથે રજુ કરી હતી. જે શ્રોતાગણની આંખોમાં ચમક, તેમના મનને પ્રફુલ્લિત તથા શરીરમાં સ્ફુર્તિ લાવનાર બની હતી જેના શબ્દો છે...

અલબેલો સજન આયોરી,
મોરા અતબર સુખ પાયોરી ।
મંગલ ગાવો ચોક પુરાવો
મનરંગ નિસદિન પાયોરી ॥

તો મિત્રો હજુ પણ રસમય વાતો બીજા અંકોમાં આપ માણી શકશો. તો મળીએ આવતા ગુરૂવારે ફરીથી...














**પ્રાપ્તિ સ્થાનઃ-**

● **રાજકોટ**
પ્રવિણ પુસ્તક ભંડાર-
મ્યુનિસીપલ માર્કેટની સામે

● **અમદાવાદ**
**આરાધના સંગીત એકેડમી,**
**શર્મા મ્યુઝીકલ સ્ટોર, ક્રોસવર્ડ,**

આપને જણાવતા આનંદ થાય છે કે ડૉ. મોનિકાબેનની નવી **C.D.S.** બહાર પડેલ છે.
**૧ 'આલાપ'માં - રાગગૌરષ કલ્યાણ, રાગદેશ, દોરીનો સમાવેશ કરવામાં આવે છે.**
**રૂા. ૧૦૦**
**૨. ખાસ જૈનો માટે રત્નાકર પચ્ચીશી, મોટી સાધુવંદણા રૂા. ૧૦૦**
**૩. બદાઇ બાળ ગીતો રૂા. ૫૦**
**સંગીત આરાધના ભાગ-૫ બહાર પડેલ છે.**
**સંગીત આરાધના ભાગ ૧ થી ૫ ની કિંમત રૂા. ૫૫૦...+પોસ્ટેજ ચાર્જ**

**આરાધના સંગીત એકેડમી**
**ડો. મોનીકા હિતેન શાહ**
૭, સુરેન્દ્ર મંગળદાસ કમ્પાઉન્ડ, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, નહેરૂનગર ચાર રસ્તા, સેટેલાઇટ રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.મો.૯૮૯૮૦ ૬૯૩૫૦, ઇ-મેઇલ એડ્રેસ :
**drmonicashah@ yahoo.com**

**પદ્ધતિસરનું સંગીત શીખો**
**સંગીત આરાધના ભાગ ૧, ૨, ૩, ૪, કિંમત-૩૪૦/+પોસ્ટેજ ખર્ચ**
● આરાધના ફાઉન્ડેશનના મેમ્બર બની પ્રતિવર્ષ આરાધના એકેડમી દ્વારા બહાર પડતી સી.ડી. મેળવો આ જીવન સભ્ય ફી-૫૦૦૦/-રૂા.
● આરાધના લિસન્ર્સ કલબના સભ્ય બની પ્રતિમાસ ભારત તથા વિદેશમાંથી આવતા શાસ્ત્રીય સંગીતના કલાકારોને માણો.
આજીવનસભ્ય ફી-૫૦૦૦/- રૂા.
● બહાર પડેલ નવી સી.ડી.''આરાધના'' રાગ-જોગ તથા રાગ-નંદને માણો કિંમત - ૧૦૦/-રૂા. (ઉપરાંત સ્થળે ઉપલબધ છે)